પ્રશ્નપુસ્તિકા ક્રમાંક

# G

| સમય : 120 મિનિટ<br>કુલ પ્રશ્નો : 200<br>કુલ ગુણ : 200 | Time : 120 Minutes<br>Total Ques. : 200<br>Total Marks : 200 |
|---|---|

**This Question Booklet Contains 48 Printed Pages**

ઉમેદવારનો બેઠક નંબર Roll No:

# BJV

## ઉમેદવારોને સૂચના

(01) **તમારા કુલ ગુણનો આધાર તમે જેટલા સાચા ઉત્તરો આપ્યા હશે તેની સંખ્યા ઉપર રહેશે. પ્રશ્ન 1 થી 200 માટે દરેક પ્રશ્નનો 1 ગુણ છે.**

(02) **1 થી 200 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો રોલ નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષા ખંડ/હોલમાં પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં A, B, C, D વિકલ્પો આપેલા છે. OMR જવાબવહીમાં E વિકલ્પ આપેલ છે. જે પૈકી E વિકલ્પ "Not Attempted" અંગેનો રહેશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તે આ વિકલ્પ પસંદ કરી શકશે. અને "Not Attempted" વિકલ્પ **પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.** તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (OMR Answer Sheet) માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D કે E ના **વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું.**

**આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ "શૂન્ય" ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

ઉદાહરણ તરીકે :

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે ?

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ
(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ
(E) Not Attempted

આ ઉદાહરણમાં સાચો જવાબ (C) છે. આથી (C) નું વર્તુળ ડાર્ક (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "ગુજરાત" લખવું નહિ.

(07) **એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.**

(08) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.**

(09) પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કઇ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઇ છે.**

(10) પ્રશ્નપુસ્તિકાના કોઇ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઇ છે.

(11) **પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઇ જઇ શકશે.**

(12) **આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એકથી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના 0.3 ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.**

(13) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

MaruGujarat.in

1. NIDM નું પૂર્ણ રૂપ શું છે?
(A) National Institute of Disaster Management
(B) National Institute of Drought Management
(C) National Institute of Disaster Mitigation
(D) National Institute of Drought Mitigation

2. Global Positioning Service (GPS) એ કયાં સિદ્ધાંત પર આધારિત છે?
(A) પ્રસારણ (Transmission)
(B) ત્રિપક્ષીય (Trilateration)
(C) ઉન્મૂલન (Obliteration)
(D) વૈશ્વિકરણ (Globalization)

3. Remote Sensing વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. પ્રો. પિશારોથ રામ પિશારોટીને ભારતમાં Remote Sensing (દૂર સંવેદન)ના પિતા ગણવામાં આવે છે.
2. નાળિયેરીના મૂળિયાં કરમાવાના રોગ ને Remote Sensing (દૂર સંવેદન)થી શોધી કાઢનાર તેઓ સૌપ્રથમ હતા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

4. સર જગદીશચંદ્ર બોઝ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓ રેડિયો વિજ્ઞાનમાં તેમના અગ્રીમ કાર્ય માટે જાણીતા છે.
2. તેમણે છોડના શરીરવિજ્ઞાનના ક્ષેત્રમાં પણ સંશોધન કર્યું હતું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

5. ડૉ. એમ. એસ. સ્વામીનાથન તેમના કયા યોગદાન માટે 'ભારતમાં હરિતક્રાંતિના પિતા' તરીકે ઓળખાય છે?
(A) અદ્યતન સિંચાઈ પ્રણાલીને વિકસાવવી
(B) આનુવંશિક રીતે સંશોધિત પાકના ઉપયોગને પ્રોત્સાહન આપવું
(C) ઘઉં અને ચોખાની ઉચ્ચ ઉપજ આપતી અને રોગ પ્રતિરોધક જાતો વિકસાવવી
(D) જૈવિક ખેતી પદ્ધતિને દાખલ કરવી

6. AADHAR વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ભારત સરકારની યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (Unique Identification Authority of India, Government of India) દ્વારા જારી કરવામાં આવેલ વ્યક્તિગત ઓળખ માટેની 16 અંકની સંખ્યા છે.

2. તે ભારતમાં કોઈ પણ જગ્યાએ ઓળખ અને સરનામાના પુરાવા તરીકે ઉપયોગી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

7. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગેસોલીન ડીઝલમાં અપ સ્ફોટરોધિકારક (Anti Knocking Agent) તરીકે ગંધક (સલ્ફર) ઉમેરવામાં આવે છે.

2. સલ્ફર ઓક્સાઇડ દ્વારા થતી પર્યાવરણીય અને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓને ધ્યાનમાં લઈને ઇંધણ માટેના ભારત સ્ટેટ (BS) VI ઉત્સર્જન ધોરણોએ ગેસોલીન તથા ડીઝલ માટે ગંધકની માત્રા એક મિલિયનમાં દસમા ભાગ (PPM) નક્કી કરેલ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

8. મીનામાટા રોગ એ સામાન્ય રીતે નીચેના પૈકી કયા પદાર્થના સંપર્કમાં આવવાથી થાય છે?

(A) આર્સેનિક
(B) પારો
(C) સીસું
(D) કેડિમિયમ

9. નીચેના પૈકી કઈ તકનીકીમાં ભારતની આત્મનિર્ભરતા હાંસલ કરવાની પહેલના ભાગરૂપે PARAM સુપર કોમ્પ્યુટર વિકસાવવામાં આવ્યા હતા?

(A) આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (Artificial Intelligence)
(B) મશીન લર્નીંગ (Machine Learning)
(C) હાઇ- પરફોર્મન્સ કોમ્પ્યુટિંગ (High performance computing)
(D) ડેટા સ્ટોરેજ સિસ્ટમ (Data Storage System)

10. ભારતની રાષ્ટ્રીય સાઇબર સુરક્ષા નીતિ (National Cyber Security) હેઠળ જાહેર ક્ષેત્રમાં સાયબર સુરક્ષા માટે નીચેના પૈકી કઈ એજન્સી મુખ્યત્વે જવાબદાર છે

(A) Indian Computer Emergency Response Team (CERT-In)

(B) National Informatics Center (NIC)

(C) Ministry of Electronics and Information Technology (MEITy)

(D) National Security Council (NSC)

11. સુપર કોમ્પ્યુટરની PARAM શ્રૃંખલા વિકસાવવામાં કઈ ભારતીય સંસ્થા જવાબદાર છે?

(A) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (Indian Space Research Organization)

(B) ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (Physical Research Laboratory)

(C) સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ (Center for Development of Advance Computing)

(D) ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર (Bhabha Atomic Research Centre)

12. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ સભા (યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ એસેમ્બલી (UNEA)) માં 193 સભ્ય દેશો છે.

2. UNEA એ પર્યાવરણને લગતી બાબતોમાં નિર્ણય લેનારી વિશ્વની સૌથી ઉચ્ચ કક્ષાની સંસ્થા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

13. નીચેના પૈકી કોનો જળવાયુ પરિવર્તન અંગેના રાષ્ટ્રીય કાર્યલક્ષી કાર્યક્રમ (National Action Plan) માં સમાવેશ થતો નથી?

(A) રાષ્ટ્રીય સૌર મિશન (National Solar Mission)

(B) રાષ્ટ્રીય ટકાઉ નિવાસસ્થાન મિશન (National Mission on Sustainable Habitat)

(C) રાષ્ટ્રીય ઇલેક્ટ્રિક મોબિલિટી મિશન યોજના (National Electric Mobility Mission Plan)

(D) નેશનલ વોટર મિશન (National Water Mission)

14. The International Union for Conservation of Nature એ તેના કયા ઉપક્રમ માટે વધુ જાણીતું છે?

(A) વૈશ્વિક કાર્બન વ્યાપાર પ્રણાલીની સ્થાપના

(B) જળવાયુ નિષ્પક્ષતા માટેના માળખાની રૂપરેખા તૈયાર કરવી

(C) જોખમમાં મુકાયેલી પ્રજાતિઓની લાલ સૂચિ જાળવવી

(D) જળવાયુ પરિવર્તન સંમેલન નું આયોજન કરવું

15. વર્ષ 2023માં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ઇન્ડિયા ગ્રીન ક્રેડિટ (India Green Credit) કાર્યક્રમનો પ્રાથમિક હેતુ શો છે?

(A) કાર્બન ટ્રેડિંગ બજારની સ્થાપના કરવી

(B) ટકાઉ પર્યાવરણ માટેના સ્વૈચ્છિક પ્રયાસોને પ્રોત્સાહિત કરવા

(C) અશ્મીગત ઈંધણના વિકલ્પોને પ્રોત્સાહિત કરવા

(D) પર્યાવરણીય નુકસાન માટે કડક દંડ કરવો

16. વંદે ભારત એક્સપ્રેસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતની સૌ પ્રથમ સ્વદેશી બુલેટ ટ્રેન છે.

2. તે સરકારના 'મેક ઇન ઇન્ડિયા' પહેલનો ભાગ હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

17. હવાઈમથક ઉપર મુસાફરોના પ્રવેશની સુવિધા માટે DigiYatra કઈ તકનિક ઉપયોગ કરે છે?

(A) Biometric facial recognition (બાયોમેટ્રિકની મદદથી ચહેરાની ઓળખ)

(B) Block Chain (બ્લોક ચેઈન)

(C) Artificial in-ticketing system (ટિકિટ પ્રણાલીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ)

(D) QR Code Scanning (QR કોડ સ્કેનિંગ)

18. GAGAN (જીપીએસ એઇડેડ જિયો ઓગમેન્ટેડ) ઉપગ્રહ આધારિત નેવિગેશન પ્રણાલી કઈ બે ભારતીય સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે?

(1) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (Indian Space Research Organization)

(2) ભારતીય હવાઈમથક પ્રાધિકરણ (Airports Authority of India)

(3) રક્ષા સંશોધન તથા વિકાસ સંગઠન (Defence Research and Development Organization)

(4) ભારતીય હવાઈ દળ (Indian Air Force)

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1 અને 4
(D) ફક્ત 2 અને 3

19. નીચેના પૈકી કયું એ ફિશિંગ (phishing) આક્રમણનું ઉદાહરણ છે ?

(A) છેતરીને વ્યક્તિગત માહિતી જાહેર કરાવવા સારુ દૂષિત ઈમેલ્સ મોકલવા

(B) સર્વરોને ઓવરલોડ કરીને ઇન્ટરનેટ સેવાઓમાં ખલેલ પહોંચાડવી

(C) વપરાશકર્તાઓના ડેટાને એન્ક્રિપ્ટ કરવા અને તેને ડીક્રિપ્ટ કરવા માટે પૈસાની માંગણી કરવી

(D) ચોરાયેલા ઓળખપત્રોનો ઉપયોગ કરીને નેટવર્કમાં અનધિકૃત પ્રવેશ મેળવવો

20. નીચેનામાંથી કયાં પરિબળો મહાસાગરીય જળની ક્ષારતાને અસર કરે છે?

1. બાષ્પીભવન અને વર્ષણ
2. નદીઓ
3. મેનગ્રુવ વનસ્પતિ
4. મહાસાગરના પ્રવાહો

નીચે આપેલામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4 બધા જ

21. 'પુસ્તકાલય પ્રવૃત્તિના પિતામહ' કોને ગણવામાં આવે છે?

(A) મહારાજા સયાજીરાવ

(B) મહારાજા ભગવતસિંહજી

(C) મહારાજા કૃષ્ણકુમારસિંહજી

(D) મોતીભાઈ અમીન

22. જૈન ધર્મ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે છે.

2. તે વર્ણ વ્યવસ્થાની આલોચના કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

23. અશોકના સમયના શિલ્પ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અશોકના સ્તંભના શીર્ષ પર માત્ર સિંહનાં જ શિલ્પ જોવા મળે છે.

2. અશોકના સ્તંભ પૈકી અમુક સ્તંભમાં અન્ય પ્રાણીઓનું શિલ્પ પણ જોવા મળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહિ

24. ગંધાર શિલ્પકળા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ કલાશૈલી હેઠળ શિલ્પો ગ્રીકો-રોમન શૈલીનાં હતાં.

2. તેમાં વિવિધ જૈન તીર્થંકરોનાં શિલ્પો બનાવવામાં આવેલ હતાં.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

25. ભારતમાં ભીંતચિત્રો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ ચિત્રો પ્રાકૃતિક ગુફાઓમાં પણ જોવા મળે છે.

2. આ ચિત્રો બિનસાંપ્રદાયિક સ્વરૂપ ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

26. ગુજરાતી સાહિત્ય વિશે નીચેનાં વિધાનો ચકાસો.

1. 'પેરેલીસીસ' નવલકથા શ્રી રઘુવીર ચૌધરી દ્વારા લખવામાં આવેલી છે.

2. 'અમૃતા' નવલકથા શ્રી ભોળાભાઈ પટેલ દ્વારા લખવામાં આવેલી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

27. કૌટિલ્ય દ્વારા લખવામાં આવેલ પુસ્તક 'અર્થશાસ્ત્ર' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ પુસ્તક સંસ્કૃત ભાષામાં લખવામાં આવ્યું હતું.

2. આ પુસ્તક અર્થશાસ્ત્ર (Economics)નું પુસ્તક છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

28. વારલી ચિત્રકળા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ ચિત્રકળા સહ્યાદ્રી પર્વતમાળાઓ અને તેની આસપાસ વસતી વારલી આદિજાતિની કળા છે.

2. પરંપરાગત રીતે આ ચિત્રો બહુરંગી હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

29. કાકાસાહેબ કાલેલકર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓ 'સવાઇ ગુજરાતી' તરીકે ઓળખાય છે.

2. તેમની માતૃભાષા બંગાળી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહિ

30. ઝવેરચંદ મેઘાણી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'સૌરાષ્ટ્રની રસધાર' તેમની નવલકથા છે.

2. 'સિંધુડો' તેમની નવલકથા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

31. સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો નીચે પૈકી કઈ જગ્યાએ મળી આવ્યા હતા?

1. લોથલ, ગુજરાત

2. બનવાલી, હરિયાણા

3. ચાન્હુ – દરો, પાકિસ્તાન

4. કાલીબંગન, રાજસ્થાન

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1,2,3 અને 4 – બધા જ

32. સિંધુ ખીણની સંસ્કૃતિ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેમાં પાકી ઈંટોનો મોટા પાયે ઉપયોગ થયો હતો.

2. હડપ્પાની ગટર વ્યવસ્થા બેજોડ હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

33. ગૌતમબુદ્ધના જીવન વિશે નીચેનાં વિધાનોને ધ્યાને લો:

1. તેમના પ્રથમ ઉપદેશને 'ધમ્મચક્કપવત્તન' કહેવામાં આવે છે.

2. વૈભવી જીવન ત્યાગીને ભટકતા સંન્યાસી બનવાના તેમના કાર્યને 'મહાભિનિષ્ક્રમણ' કહેવાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

34. અશોકના શિલાલેખોમાં સૌથી વધુ વપરાતી લિપિ કઈ છે?
(A) બ્રાહ્મી
(B) પ્રાકૃત
(C) ગ્રીક
(D) ખરોષ્ટી

35. પ્રાચીન સમયમાં ગુજરાત પર શાસન કરનારા રાજવંશોનો સાચો કાલક્રમ પસંદ કરો:
(A) ઈન્ડો-ગ્રીક, મૌર્ય, શક, હૂણ
(B) શક, ઈન્ડો-ગ્રીક, હૂણ, મૌર્ય
(C) મૌર્ય, હૂણ, ઈન્ડો-ગ્રીક, શક,
(D) મૌર્ય, ઈન્ડો-ગ્રીક, શક, હૂણ

36. અજંતા ગુફાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. અજંતાની ગુફાઓ સહ્યાદ્રીની ટેકરીઓમાં વાઘૂર નદી પર છે.
2. અજંતા ગુફાઓ સાતવાહનો અને વાકાટકોના શાસન દરમિયાન ખોદવામાં આવી હતી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

37. ક્યા મહાન રાજાએ હર્ષવર્ધનને હરાવ્યો હતો પરંતુ પછી પલ્લવ શાસક નરસિંહવર્મન-1 દ્વારા તેની હાર થઈ હતી?
(A) પુલકેશી-1
(B) પુલકેશી-2
(C) રુદ્રદામન
(D) શશાંક

38. વસ્તુપાળ અને તેજપાળ વિશે નીચેનાં વિધાનોને ધ્યાને લો:
1. તેઓ ચાલુક્ય કાળમાં થઈ ગયા.
2. તેઓ વાઘેલા રાજાઓ લવણપ્રસાદ અને વીરધવલની અદાલતમાં મહત્વના પદ પર હતા.
3. તેઓ મુખ્યમંત્રી બન્યા હતા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 2
(B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3 – બધા જ

39. સુરત વિશે નીચેનાં વિધાનોને ધ્યાને લો:
1. 1608માં વલંદાઓએ સુરતમાં પોતાનું પ્રથમ કારખાનું નાખ્યું હતું.
2. 1613માં અંગ્રેજોએ સુરતમાં પોતાનું પ્રથમ કારખાનું નાખ્યું હતું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

40. ભારતમાં ફિરંગીઓ વિશે નીચેનાં વિધાનોને ધ્યાને લો:

1. ફિરંગીઓ ભારતમાં આવનારી પ્રથમ યુરોપિયન પ્રજા હતી.

2. વાસ્કો-દ-ગામા પૂર્વમાં વાઈસરૉય તરીકે નિમણૂક પામનારો પ્રથમ ફિરંગી હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

41. ભારતમાં પંચાયતી રાજ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તમામ રાજ્યોમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં છે.

2. તમામ રાજ્યોમાં અનામત બેઠકોની એક સરખી જોગવાઈ અમલમાં છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

42. 1 એપ્રિલ 2024ના રોજ ભારતનો બંધારણીય દરજ્જો શો હતો?

(A) સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રીય, પ્રજાસત્તાક
(B) સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, પ્રજાતંત્ર
(C) સાર્વભૌમ, સમાજવાદી, પ્રજાતંત્ર
(D) સાર્વભૌમ, બિનસાંપ્રદાયિક, લોકતંત્રીય, પ્રજાસત્તાક

43. ભારતના બંધારણમાં કલ્યાણ રાજ્યનો ખ્યાલ નીચે પૈકી શામાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે?

(A) બંધારણનું આમુખ
(B) મૂળભૂત અધિકારો
(C) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(D) મૂળભૂત ફરજો

44. ભારતમાં સંસદીય શાસન પ્રણાલી છે તેવું નીચે પૈકી શાના આધારે કહી શકાય?

(A) દ્વિગૃહી સંસદ
(B) સંસદના બંને ગૃહોને બંધારણમાં સુધારો કરવાનો અધિકાર છે.
(C) લોકસભાના સભ્યોની ચૂંટણી લોકો દ્વારા કરવામાં આવે છે.
(D) કેન્દ્રીય પ્રધાનમંડળ લોકસભાનો વિશ્વાસ ધરાવતું હોય ત્યાં સુધી જ કાર્યરત રહે છે.

45. રાજ્ય વિધાનસભા અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. વરસના પહેલા સત્ર વખતે રાજ્યપાલ વિધાનસભાને સંબોધિત કરે છે.
2. રાષ્ટ્રપતિ શાસન વખતે વિધાનસભાનું આપોઆપ વિસર્જન થાય છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

46. ઉપરાષ્ટ્રપતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓ રાજ્યસભાના અધ્યક્ષ તરીકે કામ કરે છે.
2. તેઓની ચૂંટણી રાજ્યસભાના સભ્યો દ્વારા કરવામાં આવે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

47. રાષ્ટ્રપતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓ લોકસભાના અધ્યક્ષ તરીકે કામ કરે છે.
2. તેઓની ચૂંટણી લોકસભાના સભ્યો દ્વારા કરવામાં આવે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

48. રાજ્યપાલ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓની નિમણૂક વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે.
2. તેઓ રાજ્ય વિધાનસભ્યોનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ પોતાના હોદ્દા પર રહી શકે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

49. રાષ્ટ્રીય કટોકટીકાળમાં ભારતમાં નીચે પૈકી કયા બંધારણીય સુધારા કરવામાં આવ્યા?
1. 42મો બંધારણીય સુધારો
2. 44મો બંધારણીય સુધારો
નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

50. બંધારણના મૂળભૂત માળખા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેની જોગવાઈ મૂળ બંધારણમાં જ કરવામાં આવેલી હતી.

2. તેની જોગવાઈ બંધારણના 42 મા સુધારાથી કરવામાં આવેલી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

51. ભારતના રાષ્ટ્રપતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના એક પણ રાષ્ટ્રપતિ તેમના સેવાકાળ દરમિયાન અવસાન પામેલ નથી.

2. ભારતના એક પણ રાષ્ટ્રપતિને તેમના હોદ્દા પરથી સંસદ દ્વારા દૂર (Impeach) કરવામાં આવેલા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

52. 'ભારતના સાર્વભૌમત્વ, એકતા તથા અખંડિતતાનું સમર્થન કરવું' એ વિશે નીચેનાં વિધાનો ભારતના બંધારણના સંદર્ભમાં ધ્યાને લો:

1. તેનો સમાવેશ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવેલ છે.

2. ભારતના બંધારણમાં આવી કોઈ બાબત સમાવિષ્ટ નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

53. અવિશ્વાસની દરખાસ્ત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતની લોકસભામાં એક વાર અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થયેલ છે.

2. ભારતની રાજ્યસભામાં એક વાર અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થયેલ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

54. રાજ્યની વિધાન પરિષદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતનાં મોટાભાગનાં રાજ્યોમાં રાજ્ય વિધાન પરિષદ અસ્તિત્વમાં છે.

2. રાજ્ય વિધાન પરિષદના કેટલાક સભ્યોની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

55. દેશના વડાપ્રધાન તરીકે પદ ગ્રહણ કરતી વખતે તે વ્યક્તિ..

1. રાજ્યસભાની સભ્ય હોવી જરૂરી છે.

2. લોકસભાની સભ્ય હોવી જરૂરી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

56. ભારતની સંસદીય શાસન પ્રણાલી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કેન્દ્ર સરકારનો તમામ વ્યવહાર રાષ્ટ્રપતિના હોદ્દાથી થાય છે.

2. રાષ્ટ્રપતિ સરકારના વડા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

57. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રપતિ શાસનનો આદેશ રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

2. રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્યનું મંત્રીમંડળ બરખાસ્ત થાય છે પરંતુ રાજ્ય વિધાનસભા પોતાનું કાર્ય ચાલુ રાખી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

58. ભારતની સંસદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તમામ બાબતોમાં રાજ્યસભાને લોકસભા કરતાં ઓછી સત્તાઓ છે.

2. કેટલીક બાબતોમાં રાજ્યસભાને લોકસભા કરતાં વિશેષ સત્તાઓ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

59. રાજ્યમાં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રપતિ શાસન લાદવા અંગે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. કેન્દ્ર સરકારના આ અંગેના નિર્ણય સંબંધે ન્યાયિક પુનરાવલોકનનો અધિકાર સર્વોચ્ચ અદાલતને નથી.

2. સર્વોચ્ચ અદાલતને આવો અધિકાર છે પરંતુ આવો એક પણ કિસ્સો હજુ સુધી બન્યો નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

60. ભારતના બંધારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે 26 નવેમ્બર 1949ના રોજ અમલમાં આવ્યું.

2. તે 26 નવેમ્બર 1949ના રોજ અમલમાં આવ્યુ તેથી જ આ દિવસને દર વર્ષે બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

61. આજે વિનીતાનો જન્મદિવસ છે, જો તેણીની 12 વર્ષ પૂર્વેની ઉંમર તેણીની 12 વર્ષ પછીની ઉંમર કરતાં અડધી હોય તો હાલ તેણીની ઉંમર કેટલી હશે?

(A) 30 વર્ષ
(B) 42 વર્ષ
(C) 48 વર્ષ
(D) 36 વર્ષ

62. જો એક વર્ગમાં પાંચ વિદ્યાર્થીઓ ગેરહાજર હોય તો બાકી રહેલ વિદ્યાર્થીઓને છ એકસરખી ટુકડીમાં વહેંચી શકાય જો છ વિદ્યાર્થીઓ ગેરહાજર હોય તો બાકી રહેલ વિદ્યાર્થીઓને પાંચ એકસરખી ટુકડીમાં વહેંચી શકાય. વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે?

(A) 60
(B) 89
(C) 61
(D) 71

63. બે વ્યક્તિઓ A અને B એક જ સ્થળેથી અનુક્રમે સવારે 9:00 વાગે અને બપોરે 2:00 વાગે પ્રવાસ શરૂ કરે છે જો તેઓ એક જ દિશામાં અનુક્રમે 7 કિમી પ્રતિ કલાક અને 12 કિમી પ્રતિ કલાકની ઝડપે પ્રસ્થાન કરે તો એકબીજાને કેટલા વાગ્યે મળશે?

(A) સાંજે 7 વાગ્યે
(B) સાંજે 8 વાગ્યે
(C) સાંજે 9 વાગ્યે
(D) સાંજે 10 વાગ્યે

64. પ્રથમ 10 બેકી સંખ્યાઓની સરેરાશ શોધો.

(A) 10
(B) 11
(C) 10.5
(D) 11.5

65. વિષાણુઓની સંખ્યા દર 9 મિનિટે બમણી થાય છે. જો પ્રારંભમાં વિષાણુઓની સંખ્યા X હોય તો 1.5 કલાકમાં આ સંખ્યા કેટલી થાય?

(A) 10 X
(B) 512 X
(C) 1024 X
(D) 256 X

66. એક વસ્તુને ₹3000માં વેચવાથી 20% નફો થાય છે જો તે વસ્તુને ₹2400 માં વેચવામાં આવે તો કેટલો નફો/ખોટ થાય ?

(A) 5% નફો
(B) 5% ખોટ
(C) 4% ખોટ
(D) 4% નફો

67. એક વેપારી 20 લીટર તલનું તેલ, 30 લિટર કોપરેલ અને 10 લિટર સરસવનું તેલ અનુક્રમે ₹12,000, ₹15,000 અને ₹3000માં ખરીદે છે. તે આ ત્રણેય તેલનું મિશ્રણ તૈયાર કરી ₹800 પ્રતિ લિટર વેચે છે. 10 લિટર તેલ વેચવાથી તેને કેટલો નફો મળશે?

(A) ₹2000
(B) ₹1800
(C) ₹2400
(D) ₹3000

68. અજયની ઊંચાઈ અમિત કરતા વધારે છે પરંતુ રોહિત કરતાં ઓછી છે. રાહુલની ઊંચાઈ સૌથી ઓછી છે. તેમને ઊંચાઈ પ્રમાણે ચડતા ક્રમમાં ગોઠવતા તે ક્રમ કયો હશે?

(A) અજય, અમિત, રોહિત, રાહુલ

(B) રાહુલ, અમિત, અજય, રોહિત

(C) રાહુલ, અજય, અમિત, રોહિત

(D) રાહુલ, રોહિત, અમિત, અજય

69. એક અલ્પાહારગૃહમાં 80 પુરુષો અથવા 120 મહિલાઓ નાસ્તો કરી શકે તેટલો નાસ્તો છે. જો 90 મહિલાઓએ નાસ્તો કરી લીધો હોય, તો બાકી બચેલા નાસ્તામાંથી કેટલા પુરુષો નાસ્તો કરી શકશે?

(A) 60

(B) 30

(C) 40

(D) 20

70. બે મિત્રો પરેશ અને કલ્પેશ એક જ સમયે સ્થળ P થી Q તરફ એક જ રસ્તે યાત્રા શરૂ કરે છે. પરેશની ઝડપ કલ્પેશની ઝડપ કરતાં 4 કિમિ/કલાક જેટલી ઓછી છે. કલ્પેશ Q પહોંચી તત્ક્ષણ તે જ રસ્તે P તરફ પરત ફરે છે, ત્યારે Q થી 12 કિમી અંતરે તે પરેશને મળે છે. જો P અને Q વચ્ચેનું અંતર 60 કિમી હોય તો પરેશની ઝડપ કેટલી હશે?

(A) 8 કિમી/કલાક

(B) 6 કિમી/કલાક

(C) 12 કિમી/કલાક

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

71. એક રકમ સાદા વ્યાજે 5 વર્ષમાં બમણી થાય છે. તો તે જ વ્યાજ દરે તે રકમ સાદા વ્યાજે પોતાનાથી 12 ગણી કેટલા વર્ષે થશે?

(A) 30

(B) 36

(C) 55

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી

72. 3 પમ્પને 8 કલાક પ્રતિદિન ચાલુ રાખી એક પૂર્ણ ભરેલી ટાંકી 2 દિવસમાં ખાલી કરી શકાય છે. તો તે જ ટાંકીને 1 દિવસમાં ખાલી કરવા 4 પમ્પને કેટલા કલાક ચાલુ રાખવા પડશે?

(A) 12

(B) 18

(C) 26

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

★ (73-75) નીચે આપેલા કોષ્ટકમાં 5 વિદ્યાર્થીઓએ 5 જુદા જુદા વિષયમાં મેળવેલ ગુણની માહિતી આપેલ છે. તેનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ શોધો.

| વિષય → <br> વિદ્યાર્થીઓ ↓ | ગણિત | વિજ્ઞાન | સમાજશાસ્ત્ર | અંગ્રેજી | સંસ્કૃત |
|---|---|---|---|---|---|
| P | 70 | 66 | 59 | 54 | 80 |
| Q | 50 | 64 | 78 | 65 | 75 |
| R | 48 | 72 | 88 | 70 | 86 |
| S | 80 | 76 | 84 | 75 | 85 |
| T | 76 | 82 | 64 | 72 | 94 |

નોંધ- દરેક વિષયમાં મહત્તમ ગુણ 100 છે.

73. S દ્વારા ગણિત, વિજ્ઞાન અને સમાજશાસ્ત્રમાં મેળવેલ કુલ ગુણની સરેરાશ, P એ આ ત્રણેય વિષયોમાં મેળવેલ કુલ ગુણની સરેરાશ કરતા કેટલી વધારે છે?

(A) 12
(B) 15
(C) 16
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

74. આપેલ વિકલ્પો પૈકી ક્યો વિકલ્પ આ વિદ્યાર્થીઓએ પાંચેય વિષયમાં મેળવેલ કુલ ગુણની સરેરાશ ચડતા ક્રમમાં દર્શાવે છે?

(A) P, S, Q, R, T
(B) P, Q, R, S, T
(C) P, Q, R, T, S
(D) ઉપરોકત પૈકી કોઇ નહી.

75. R એ સમગ્રત: પરીક્ષામાં કેટલા ટકા ગુણ મેળવ્યા?

(A) 75.3%
(B) 88.4%
(C) 68.5%
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

★ (76-77) નીચેની શ્રેણીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

B @ C 7 N R % 5 $ G 6 K M & 4 S # P U 5

76. શ્રેણીમાં એવા કેટલા મૂળાક્ષરો (Alphabets) છે કે જેની તરત પહેલા સંકેત(Symbol) અને જેની તરત પછી સંખ્યા(Number) આવતી હોય?

(A) 1
(B) 2
(C) 3
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

77. જો ઉક્ત શ્રેણીમાંથી બધા સંકેત(Symbol) દૂર કરવામાં આવે તો જમણી તરફથી સાતમા સ્થાને શું આવશે?

(A) K
(B) M
(C) 4
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

78. રૂ 28,000 નું 2 વર્ષનું 12.5 % વ્યાજ દરે ચક્રવૃધ્ધિ વ્યાજ કેટલું થશે?

(A) રૂ 7450.75
(B) રૂ 7405.50
(C) રૂ 7437.50
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

79. નીચે પૈકી કઇ સંખ્યા અવિભાજ્ય છે?

(A) 517
(B) 559
(C) 571
(D) 533

80. X એક કામ 12 દિવસમાં કરે છે. Y એ X કરતાં 60% વધારે કાર્યક્ષમ છે. તો Y એકલો તે કામ કેટલા દિવસમાં કરશે?

(A) 7 દિવસ
(B) 7.5 દિવસ
(C) 8 દિવસ
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

81. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેમની નિમણૂક વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે.
2. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

82. નીતિ આયોગ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેના અધ્યક્ષ તરીકે રાષ્ટ્રપતિ હોય છે.
2. તેના અધ્યક્ષ તરીકે કેન્દ્રના આયોજન મંત્રાલયના મંત્રી હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

83. આદિજાતિઓ વિશે બંધારણીય જોગવાઈ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કેટલાક રાજ્યોમાં આદિજાતિ વિકાસ મંત્રી રાખવા ફરજિયાત છે.

2. રાજ્યમાં આદિજાતિ મંત્રી રાખવા વિશે બંધારણમાં કોઈ જોગવાઈ નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

84. રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમ બહાર પાડવા અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસદની બેઠક ચાલતી હોય ત્યારે પણ તાકીદની બાબતમાં રાષ્ટ્રપતિ વટહુકમ બહાર પાડી શકે છે.

2. જ્યારે સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે જ રાષ્ટ્રપતિ વટહુકમ બહાર પાડી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

85. નીચેનો ફકરો વાંચો અને ખાલી જગ્યા પૂરો.

પંચાયતની ચૂંટણી દર ______ વર્ષે યોજાય છે. પંચાયતના ચૂંટાયેલા સભ્યોને ______ કહેવામાં આવે છે. પંચાયત રાજ પ્રણાલીનો સૌથી મૂળભૂત એકમ ________ છે, જે પંચાયત દ્વારા બોલાવવામાં આવેલા વિસ્તારમાં રહેતા તમામ પુખ્ત વયના લોકોની બેઠક છે.

ખાલી જગ્યા માટે નીચેનામાંથી યોગ્ય ક્રમનો વિકલ્પ પસંદ કરો.

(A) પાંચ, પંચ, ગ્રામસભા
(B) પાંચ, પંચ, જનસભા
(C) ચાર, સરપંચ, ગ્રામ પંચાયત
(D) ચાર, પંચ, ગ્રામસભા

86. ભારતના મકરસંક્રાંતિ, પોંગલ, ઉત્તરાયણ, લોહરી અને બિહુ તહેવારોમાં શું સામાન્ય છે?

(A) તે બધા લણણીના તહેવારો છે.

(B) તે બધા એક અથવા બીજા ભગવાન માટે ધાર્મિક તહેવારો છે.

(C) તે બધા ભારતના જુદા જુદા ભાગોમાં પતંગ ઉડાવવાના તહેવારો છે.

(D) આ બધા તહેવારોમાં પરંપરાગત રસોઈ બનાવવામાં આવે છે.

87. માજુલી ટાપુ વિશે શું સાચું છે?

(A) તે આંદામાન અને નિકોબારમાં સૌથી દૂરનો ટાપુ છે.

(B) તે લક્ષદ્વીપમાં મધ્યમાં આવેલો ટાપુ છે.

(C) તે આસામમાં આવેલું છે અને વિશ્વનો સૌથી મોટો નદી ટાપુ છે.

(D) તે ચિલ્કા સરોવરમાં આવેલો છે અને વિશ્વનો સૌથી મોટો ટાપુ છે.

88. અમદાવાદ, ગુજરાતમાં ISRO, PRL, ATIRA અને IIM-A ની સ્થાપના કરવામાં મહત્વની ભૂમિકા કોણે ભજવી હતી?

(A) મહાત્મા ગાંધી

(B) વિક્રમ સારાભાઈ

(C) સરદાર પટેલ

(D) જીવરાજ મહેતા, ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી

89. 'સ્મૃતિવન' વિશે શું સાચું છે?

(A) તે વિશ્વનું સૌથી મોટું મિયાવાકી જંગલ ધરાવે છે.

(B) તે 2001ના ભૂકંપના ભોગ બનેલા લોકોની યાદમાં બનેલું વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ છે.

(C) તે વિશ્વનું એકમાત્ર મ્યુઝિયમ છે, જે કુદરતી આપત્તિ માટે બનાવવામાં આવ્યું છે.

(D) તે ભારતમાં સૌથી મોટો સોલાર પ્લાન્ટ ધરાવે છે.

90. ગુજરાતમાં ધાર્મિક પરંપરા મુજબ સ્ત્રીની પ્રથમ ગર્ભાવસ્થા પછી કયા દેવી/દેવતાનું આહ્વાન કરવામાં આવે છે?

(A) રાંદલ મા
(B) સંતોષી મા
(C) અંબા મા
(D) બાલ કાનુડો

91. ગુજરાતના કયા જાણીતા કેળવણીકારને 'મૂછાળી મા'નું બિરુદ મળ્યું હતું?

(A) નાનાભાઇ ભટ્ટ
(B) ગિજુભાઈ ભરાડ
(C) ગિજુભાઈ બધેકા
(D) મનુભાઈ પંચોળી

92. કાપડની ડિઝાઇનની કઈ હસ્તકલા સિંધુ ખીણની સંસ્કૃતિના સમયમાં શરૂ થઈ હતી અને હજુ પણ લોકપ્રિય છે

(A) ફેટો
(B) બાંધણી
(C) પટોળાં
(D) કેડિયું

93. નરસિંહ મહેતાએ ભગવાન કૃષ્ણની રાસલીલાનાં દર્શન કર્યાં હતાં એ પવિત્ર સ્થળ કયું છે?

(A) દ્વારકા
(B) દામોદર કુંડ
(C) ગોપનાથ
(D) નિધિ વન, વૃંદાવન

94. ગુજરાતના ભાલકા તીર્થનું મહત્વ શું છે?

(A) ભગવાન કૃષ્ણએ ત્યાં પોતાનો જીવ આપ્યો હતો.
(B) ભગવાન કૃષ્ણએ ત્યાં રૂકમણી સાથે લગ્ન કર્યા હતા.
(C) કુરુક્ષેત્રના યુદ્ધ પહેલાં પાંડવોએ ભગવાન કૃષ્ણ સાથે પૂજા કરી હતી.
(D) ત્યાં મીરાંબાઈનું અવસાન થયું હતું.

95. યાત્રાધામ સબરીમાલા વિશે શું સાચું છે?

(A) તે સ્થળે સબરી ભગવાન રામને મળી હતી.
(B) તે કેરળમાં છે અને ભગવાન અયપ્પાનું સ્થાન છે.
(C) તે કર્ણાટકમાં છે અને ભગવાન અયપ્પાનું સ્થાન છે.
(D) આ તે સ્થાન છે જ્યાં ભગવાન રામને સુગ્રીવ દ્વારા માળા પહેરાવવામાં આવી હતી.

96. 'કાઠિયાવાડ' નામનું મૂળ શું છે?

(A) કાઠી કામની હસ્તકળા
(B) તે નામ ભગવાન કૃષ્ણે આપેલું હતું
(C) કાઠી લોક સમુદાય
(D) ભગવાન કૃષ્ણના નામ કાનજી અથવા કાનુડોમાંથી

97. 'પિછવાઈ' નામની ચિત્રકળા કઈ બાબત સાથે જોડાયેલી છે?

(A) પડછાયા સાથે જોડાયેલી છે.
(B) વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલી છે.
(C) સૌરાષ્ટ્રની લોકકલા છે.
(D) મુસ્લિમ સમુદાયની પારંપારિક કળા છે.

98. હિન્દુસ્તાન શાસ્ત્રીય સંગીત અંગેનાં નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી?

(A) એના કલાકારો તમામ ધર્મના છે.

(B) એમાં સમયનું કોઈ તત્વ સંલગ્ન નથી.

(C) એમાં રાગ-રાગિણી ગવાય છે.

(D) એમાં વાદ્યયંત્રો પ્રયોજાય છે.

99. સિદ્ધરાજ જયસિંહના પ્રોત્સાહન થકી કઈ કળાનો પ્રારંભ થયો?

(A) પટોળાં વણાટકળા

(B) વાવ ચિત્રકળા

(C) આભૂષણ ડિઝાઇન

(D) કર્ણાટકી સંગીતકળા

100. કયાં નગરનું નામ પહેલા સ્તંભતીર્થ હતું ?

(A) સુરત | (B) મહેસાણા

(C) હિંમતનગર | (D) ખંભાત

101. એક 10 સેમી લંબાઇના ચોરસના વિકર્ણની લંબાઇ કેટલી હશે?

(A) 20 સેમી | (B) 12 સેમી

(C) $10\sqrt{2}$ સેમી | (D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

102. X એક કામ 12 દિવસમાં કરે છે. Y અને X સાથે એ જ કામ 8 દિવસમાં કરે છે. તો Y એકલો તે કામ કેટલા દિવસમાં કરશે?

(A) 24 દિવસ | (B) 20 દિવસ

(C) 18 દિવસ | (D) ઉપરોક્ત પૈકી કોઇ નહી.

103. નીચેનામાંથી કોને 2024માં મરણોત્તર ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો છે?

(A) કર્પૂરી ઠાકુર | (B) પ્રણવ મુખર્જી

(C) લત્તા મંગેશકર | (D) એ. પી. જે. અબ્દુલ કલામ

104. ભારતમાં પ્રથમ રાષ્ટ્રીય ડોલ્ફિન સંશોધન કેન્દ્રની સ્થાપના કયાં કરવામાં આવી છે?

(A) પુરી, ઓરિસ્સા
(B) કચ્છ, ગુજરાત
(C) પટણા, બિહાર
(D) દેહરાદૂન, ઉત્તરાખંડ

105. 'બાલી જાત્રા' એ કયા રાજ્યમાં તેના સમૃદ્ધ દરિયાઈ ઇતિહાસ અને દક્ષિણપૂર્વ એશિયા સાથેના સંસ્કૃતિના સંબંધોની યાદમાં ઉજવવામાં આવે છે?

(A) પશ્ચિમ બંગાળ
(B) ઓરિસ્સા
(C) આંધ્રપ્રદેશ
(D) તામિલનાડુ

106. બિરસા મુંડા વિશે કયું સાચું છે?

(A) એક આદિવાસી યુવક જેણે અંગ્રેજો સામે કઠિન લડાઈ લડી હતી.
(B) એક આદિવાસી રમતવીર જેને અર્જુન એવોર્ડ 2024થી નવાજવામાં આવ્યો છે.
(C) ઝારખંડનો આદિવાસી યુવાન કે જેમણે બાકુ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
(D) ઓરિસ્સાના એક ક્રાંતિકારી નેતા જેમણે પ્રાચીન સમયમાં પુરીના જગન્નાથ મંદિરના આક્રમણનો જોરદાર પ્રતિકાર કર્યો હતો.

107. અમેરિકાના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની પસંદગી કોના દ્વારા કરવામાં આવે છે?

(A) ડાયરેક્ટ પોપુલર વોટ
(B) સેનેટરો દ્વારા નામાંકિત
(C) મતદાર મંડળ
(D) ઉપરનામાંથી એક પણ નહિ

108. નીચે આપેલાં વિધાનોમાંથી કયું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે?

1. અમેરિકાના પ્રમુખ ચાર વર્ષની મુદત માટે ચૂંટાય છે.
2. કોઈ પણ વ્યક્તિ અમેરિકાના રાષ્ટ્રપતિના પદ માટે બે વખતથી વધુ ચૂંટાઈ શકે નહીં.

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

109. ભારત સરકારની પીએમ શ્રી (PM SHRI) યોજના કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે?

(A) આરોગ્ય
(B) પર્યાવરણ
(C) કૃષિ
(D) શિક્ષણ

110. 'નમો ડ્રોન દીદી' (Namo Drone Didi) કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શો છે?

(A) ગામની દેખરેખ માટે ચોમાસા દરમિયાન આંગણવાડી કાર્યકરોને ડ્રોન આપવા

(B) વસતી વિષયક (Demography)સર્વેક્ષણ માટે ગ્રામીણ મહિલા સાહસિકોને ડ્રોન આપવા

(C) કૃષિ હેતુ માટે મહિલા સ્વસહાય જૂથો (Self Help Groups)ને ડ્રોન આપવા

(D) ભારતમાં ડ્રોન બનાવવા માટે મહિલાઓને કૌશલ્ય પ્રશિક્ષણ આપવું

111. ભારતે યુરોપિયન સ્પેસ એજન્સીનું કયું મિશન શરૂ કર્યું જે સૂર્યના તેજોવળી (કોરોના)ના અભ્યાસ માટે મોકલ્યુ છે?

(A) Sona-3
(B) ESA-3
(C) Proba-3
(D) Corona-3

112. શેનઝોઉ-18 મિશનના ભાગરૂપે ચીની અવકાશયાત્રીઓએ અવકાશમાં કઈ પ્રજાતિઓનો ઉછેર કર્યો છે?

(A) ઝેબ્રાફિશ (Zebrafish)
(B) થોર (Cactus)
(C) પતંગિયું (Butterfly)
(D) કેટરપિલર (Caterpillar)

113. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એનાયત કરાયેલ ઈજિપ્તના સર્વોચ્ચ નાગરિક સન્માનનું નામ શું છે?

(A) ઓર્ડર ઓફ ધ અરબસ્તાન
(B) ઓર્ડર ઓફ ધ નાઇલ
(C) ઓર્ડર ઓફ ધ ઈજિપ્ત
(D) ઓર્ડર ઓફ ધ ફતહ અલ-સીસી

114. ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ 'જવાબદાર પ્રવાસન પહેલ' (Responsible Tourism Initiative)નું નામ શું છે, જેમાં મહિલાઓ અને યુવાનોની તાલીમ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે ?

(A) પર્યટન મિત્ર અને પર્યટન દીદી
(B) અતિથિ દેવો ભવ
(C) નમસ્તે ઈન્ડિયા
(D) પધારો મારે દેશ

115. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) દ્વારા વિકસિત ટ્રેનની સુરક્ષા માટેની સ્વયંસંચાલિત વ્યવસ્થા કઈ છે?

(A) કવચ

(B) સિગ્નલ પાસીંગ એટ ડેન્જર – SPAD

(C) સ્પીડ લિમિટ સિગ્નલ – SLS

(D) નાવિક સિસ્ટમ

116. વ્યક્તિગત તટસ્થ રમતવીર (Individual Neutral Athlete) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વ્યક્તિગત તટસ્થ રમતવીરો એટલે એવા રમતવીરો કે જે પોતાના રાષ્ટ્રના ધ્વજ હેઠળ ઓલિમ્પિક રમતોમાં ભાગ લઈ શકતા નથી.
2. તમામ વ્યક્તિગત તટસ્થ રમતવીરો પેરિસ ઓલમ્પિક 2024માં કોઈપણ ચંદ્રક જીતવામાં નિષ્ફળ રહ્યા હતા.

ઉપરના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

117. તાજેતરમાં બ્રાઝિલના રિયો ખાતે યોજાયેલી G20 રાષ્ટ્રોની બેઠકમાં બ્રાઝિલના પ્રમુખપદ હેઠળ નીચેના પૈકી કઈ પહેલ સૂચવવામાં આવી?

(A) ભૂખ અને ગરીબી સામે વૈશ્વિક જોડાણ
(B) આતંકવાદ સામે વૈશ્વિક જોડાણ
(C) સાયબર ગુનાઓ સામે વૈશ્વિક જોડાણ
(D) એચ.આઈ.વી. અને કેન્સર જેવા જીવલેણ રોગો સામે વૈશ્વિક જોડાણ

118. ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક તરીકે તાજેતરમાં કોની નવીન નિમણૂક કરવામાં આવી છે?

(A) ગિરીશચંદ્ર મુર્મુ
(B) કે. સંજય મૂર્તિ
(C) જયંત સિંહા
(D) આનંદ મોહન બજાજ

119. ભારત સરકારના નિવેશ અને સાર્વજનિક પરિસંપત્તિ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર ક્ષેત્રનાં એકમો સંદર્ભે સરકારને વધુ વળતર મળે તેમ જ શેરધારકોને વધુ ફાયદો થાય તે માટે નીચેના પૈકી કઈ બાબતોને લગતી સુધારેલ માર્ગદર્શિકા જાહેર કરી?

1. ડિવિડન્ડ ચૂકવણી
2. શેરનું બાયબેક (Buyback)
3. બોનસ શેર
4. શેર વિભાજન (Splitting Of Shares)

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4 બધા જ

120. નીચેના પૈકી કયા દેશે તાજેતરમાં નીચે મુજબની નવી પરમાણુ નીતિ લાગુ કરવાનો નિર્ણય કર્યો?

"જો કોઈ દેશ અન્ય પરમાણુ સજ્જ દેશની મદદથી હુમલો કરે તો આવા હુમલાને સંયુક્ત હુમલો ગણીને જે દેશ ઉપર આવો હુમલો થયો છે તે દેશ તે બંને દેશો પર પરમાણુ હુમલો કરશે."

(A) ઈઝરાયેલ
(B) સીરિયા
(C) રશિયા
(D) યુક્રેન

121. જીએસટી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં જીએસટી (GST)નો અમલ એ લાંબા ગાળે મોંઘવારી ઘટાડશે.
2. ભારત સહિત GST ધરાવતા મોટાભાગના દેશોમાં ફક્ત એક એકીકૃત જીએસટી (GST) વ્યવસ્થા છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહિ

122. માછીમારી સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વિશ્વમાં ભારત આંતરદેશીય(Inland)માછલીનું સૌથી મોટું ઉત્પાદક છે.
2. ભારતમાં ગુજરાત આંતરદેશીય(Inland)માછલીનું સૌથી મોટું ઉત્પાદક છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહિ

123. ધોલેરા ખાસ રોકાણ ક્ષેત્ર (Special Investment Region-SIR) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ધોલેરા સર (SIR) એ ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક સ્માર્ટ સિટી છે.
2. ધોલેરા એ ભારતનું પ્રથમ પ્લેટિનમ રેટેડ ઔદ્યોગિક સ્માર્ટ સિટી છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

124. રાષ્ટ્રીય કૃષિ બજાર(e-NAM) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. e-NAM એ એક સમગ્ર ભારતનું એક ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ પોર્ટલ છે જે કૃષિ ચીજ-વસ્તુઓ માટે એકીકૃત રાષ્ટ્રીય બજાર બનાવવા માટે દેશના APMC બજારોને જોડે છે.
2. સ્મોલ ફાર્મર્સ એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમ(SFAC) એ ભારત સરકારના કૃષિ મંત્રાલય અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નેજા હેઠળ ઇ-એનએએમ (e-NAM)ના અમલીકરણ માટે અગ્રણી એજન્સી છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

125. ભારતના ક્યા કેન્દ્રશાસિત પ્રદેશને સૌપ્રથમ 100% સજીવ (organic) જાહેર કરવામાં આવ્યો હતો?

(A) લક્ષદ્વીપ
(B) લદાખ
(C) ચંડીગઢ
(D) પુદુચેરી (પોંડિચેરી)

126. કયું રાજ્ય લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (Logistics Ease across different states) 2021 ઈન્ડેક્ષ મુજબ પ્રથમ ક્રમે છે?

(A) મહારાષ્ટ્ર
(B) ગુજરાત
(C) પંજાબ
(D) કેરલ

127. પીએમ(PM) ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન(NMP) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'ગતિ શક્તિ' એ એક ડિજિટલ પ્લેટફોર્મ છે, જે ઔદ્યોગિક જૂથો અને ઇકોનોમિક નોડ્સ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સના સંકલિત આયોજન અને સંકલિત અમલીકરણ માટે રેલવે અને રોડવેઝ સહિત અનેક મંત્રાલયોને એકસાથે લાવશે.
2. પીએમ ગતિ શક્તિ(NMP)ના ભાગ રૂપે ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે અન્ય મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સ અને અન્ય હાઇવે પ્રોજેક્ટ્સ અને મલ્ટિ-મોડલ લોજિસ્ટિક્સ વિકસાવવાની યોજના ધરાવે છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

128. નીચેનામાંથી કયો/ ક્યા કર GST માં સમાવિષ્ઠ થઇ ગયો/ગયા છે?

(A) સેવા કે- સર્વિસ ટેક્સ
(B) આબકારી જકાત
(C) મનોરંજન કર
(D) ઉપરોક્ત બધાજ

G

129. અર્થશાસ્ત્ર વ્યવસ્થા ત્રણ પ્રકારની હોઈ શકે છે: મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર આર્થિક વ્યવસ્થા. નીચેનામાંથી કઈ મૂડીવાદની લાક્ષણિકતા/લાક્ષણિકતાઓ છે?

1. ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી

2. મજૂરોનું શોષણ

3. આર્થિક આયોજનની નિર્ણાયક ભૂમિકા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3 બધાજ

130. સ્વાતંત્ર્ય પૂર્વે રાષ્ટ્રીય આવકનો પ્રથમ અંદાજ કોણે લગાવ્યો હતો?

(A) દાદાભાઈ નવરોજી
(B) આર. સી. દત્ત
(C) ફિરોજશાહ મહેતા
(D) સરોજિની નાયડુ

131. નીચેનામાંથી કયું ભારતીય અર્થતંત્રની લાક્ષણિકતા નથી ?

(A) માથાદીઠ ઓછી આવક
(B) ગરીબીની અસર
(C) કૃષિનું પ્રભુત્વ
(D) ઊંચી રોજગારી

132. આજે પણ કૃષિ એ ભારતમાં રોજગારી આપતું સૌથી મોટું ક્ષેત્ર છે, 2020 માં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં સંકળાયેલી વસતીની ટકાવારી કેટલી હતી?

(A) 64.8%
(B) 48.9%
(C) 41%
(D) 31%

133. 1991માં રજૂ કરાયેલા આર્થિક સુધારા સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આર્થિક સુધારાઓને કારણે વર્તમાન સદીના પ્રથમ દાયકા સુધી ભારતે જીડીપીનો ઊંચો દર હાંસલ કર્યો.

2. આર્થિક સુધારાના સમયગાળામાં અસમાનતાઓ વધી રહી છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

134. જાહેર ક્ષેત્રની સુધારણા નીતિ તરીકે ભારત સરકારે જાહેર ક્ષેત્રના એકમોનું નું ખાનગીકરણ કર્યું. તે માટે નીચેનામાંથી કઈ/કઈ કઈ પદ્ધતિ/પદ્ધતિઓ અપનાવવામાં આવેલી?

1. પ્રારંભિક જાહેર દરખાસ્ત (Initial Public Offering)

2. વ્યુહાત્મક વેચાણ પદ્ધતિ

3. વિદેશીઓને વેચાણ

4. સંચાલક-કર્મચારી દ્વારા ખરીદી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) ઉપરોક્ત બધી જ

135. ભારત સરકારે સૂક્ષ્મ ઔદ્યોગિક એકમને લગતી વિકાસ અને પુનર્ધિરાણ પ્રવૃત્તિઓ માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના શરૂ કરી છે. મુદ્રા (MUDRA)નું પૂર્ણ રૂપ કયું છે?

(A) Micro Units Development and Refinance Agency

(B) Micro Units Development and Reconstruction Agency

(C) Micro Units Disinvestment and Regaining Aspiration

(D) Micro Units Deprivation and Reconsideration Ambit

136. નીચેનામાંથી સાચો ક્રમ દર્શાવો.

(A) લિથોસ્ફિયર, પાયરોસ્ફિયર, બેરીસ્ફિયર

(B) લિથોસ્ફિયર, બેરીસ્ફિયર, પાયરોસ્ફિયર

(C) પાયરોસ્ફિયર, બેરીસ્ફિયર, હાઈડ્રોસ્ફિયર

(D) ઉપરનામાંથી કોઈ નહિ.

137. યોગ્ય રીતે જોડકાં જોડો.

1. વારંવાર વિસ્ફોટ પામતો જ્વાળામુખી (a) માર્ટિનીક ટાપુમાં

2. બારીશાનના ઉચ્ચપ્રદેશમાં મધુરજની સરોવર (b) ઈટાલીમાં

3. ભારતની પૂર્વમાં આવેલો સુસુપ્ત જ્વાળામુખી (c) સ્ટ્રોમબોલી

4. ભૂમધ્ય સમુદ્રનો પ્રકાશસ્તંભ જ્વાળામુખી (d) બેરન

5. વિસુવિયસ જ્વાળામુખી (e) ટોબા

6. પિલીયન જ્વાળામુખી (f) એટના

| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|---|
| (A) | e | d | c | b | a | f |
| (B) | f | e | d | c | b | a |
| (C) | d | c | b | a | f | e |
| (D) | c | b | a | f | e | d |

138. ધૂળકણોને આર્દ્રતાગ્રાહી કહે છે કારણકે...

(A) એના પર વાતાવરણીય જલબાષ્પનું ઘનીભવન થાય છે.

(B) એ સૂર્યાઘાતને રોકે છે.

(C) એ સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે આકાશમાં લાલ અને નારંગી રંગની છાયાનું નિર્માણ કરે છે.

(D) હવામાં તેની હાજરીથી ધુમ્મસ બને છે.

139. ઉષ્ણતાનયન શું છે?

(A) આ એક પ્રક્રિયા છે, જે કોઈપણ તાપમાનના ક્ષેત્રમાં બને છે.

(B) આ સૌર ઊર્જાના હસ્તાંતરણની એક સૂક્ષ્મ પ્રક્રિયા છે.

(C) આ એક પ્રક્રિયા છે, જેમાં ઊર્જાનું હસ્તાંતરણ વાયુ અને જલરાશિઓની ગતિ દ્વારા થાય છે.

(D) આમાંથી એક પણ નહી.

140. પ્રતિ ચક્રવાતની બાબતમાં કયું વિધાન સાચું નથી ?

(A) પ્રતિચક્રવાત ગોળાકાર હોય છે.

(B) પ્રતિચક્રવાતના કેન્દ્રમાં હલકું વાયુદબાણ રહે છે.

(C) પ્રતિચક્રવાત એ ચક્રવાતની પાછળ ચાલે છે.

(D) પ્રતિચક્રવાતમાં સામાન્ય રીતે ઋતુ સાફ રહે છે.

141. ભારતનો અત્યાધુનિક સંદેશાવ્યવહાર ઉપગ્રહ જીસેટ-20 તાજેતરમાં સફળતાપૂર્વક અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો આ બાબતે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ ઉપગ્રહ કેપ કાર્નિવલ સ્પેસ સ્ટેશન પરથી તરતો મૂકવામાં આવ્યો હતો.

2. આ ઉપગ્રહનો હેતુ ભારતના સ્માર્ટ સિટી મિશન માટેના જરૂરી સંદેશાવ્યવહાર અંતર માળખાકીય સુવિધાઓમાં ડેટા ટ્રાન્સમિશન ક્ષમતા જોડવાનો છે.

ઉપરના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

142. સંસદની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે?

(A) કે. સી. વેણુગોપાલ
(B) મલ્લિકાર્જુન ખડગે
(C) જગત પ્રકાશ નડ્ડા
(D) સંજય જયસ્વાલ

143. તાજેતરમાં રમાયેલ એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફીની ફાઈનલ મેચમાં ભારતીય મહિલા હોકી ટીમે કયા દેશની ટીમને હરાવીને ચેમ્પિયન ટ્રોફી જીતી?

(A) ચીન
(B) જાપાન
(C) દક્ષિણ કોરિયા
(D) થાઈલેન્ડ

144. 2024માં ગુજરાતના નીચેના પૈકી કયા તબીબને પદ્મભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે?

(A) ડૉ. રમણિક રાવલ
(B) ડૉ. અતુલ પટેલ
(C) ડૉ. તેજસ પટેલ
(D) ડૉ. શરદ રાવલ

145. 70મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ'ને મળેલા એવોર્ડ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અભિનેત્રી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો.

2. આ ફિલ્મને સામાજિક-પર્યાવરણીય મૂલ્યોને ઉજાગર કરતી શ્રેણીનો શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો.

ઉપરના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

146. કરતારપુર સાહિબ કોરિડોર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતથી તીર્થયાત્રીઓને ગુરુદ્વારા દરબાર સાહેબ કરતારપુર, નારોવાલ પાકિસ્તાનની મુસાફરીને લગતા કરારને તાજેતરમાં પાંચ વર્ષ માટે લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

2. ભારતે પાકિસ્તાનને યાત્રાળુ દીઠ 20 યુએસ ડોલર શુલ્ક દૂર કરવા વિનંતી કરી છે.

ઉપરના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

147. તાજેતરમાં _________ રાજ્યએ દેશી ગાયોને 'રાજ્યમાતા'નો દરજ્જો આપ્યો છે, જે કોઈપણ પ્રાણીને પ્રથમ વખત આપવામાં આવેલી અનોખી માન્યતા છે.

(A) બિહાર
(B) ઉત્તરપ્રદેશ
(C) ગુજરાત
(D) મહારાષ્ટ્ર

148. તાજેતરમાં _________ ને તેની થેલેસેમિયા બાલ સેવા યોજના માટે કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) શ્રેણીમાં પ્રતિષ્ઠિત "ગ્રીન વર્લ્ડ એન્વાયરમેન્ટ એવોર્ડ-2024"થી સન્માનિત કરવામાં આવ્યું.

(A) સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લિમિટેડ
(B) કોલ ઈન્ડિયા લિમિટેડ
(C) હિન્દુસ્તાન ઝીંક લિમિટેડ
(D) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ

149. તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાં ભારતે ઓસ્ટ્રેલિયાને _______ ખાતે 295 રનથી હરાવીને ઓસ્ટ્રેલિયાને ઓસ્ટ્રેલિયાની ભૂમિ પર સૌથી મોટા માર્જિનથી હરાવવાનું સીમાચિહ્ન બનાવ્યું છે.

(A) મેલબોર્ન
(B) સિડની
(C) પર્થ
(D) બ્રિસ્બેન

150. સ્વતંત્રતા પછી ભારતના આર્થિક માળખામાં થયેલા નોંધપાત્ર ફેરફારો સંદર્ભે નીચેનાં વિધાનોને ધ્યાને લો:

1. સકલ ઘરેલુ ઉત્પાદમાં તેના યોગદાનના સંદર્ભમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મહત્વમાં સતત ઘટાડો થયો છે.

2. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓનો રોજગારના હિસ્સામાં સતત વધારો થયો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

151. અંગ્રેજ શાસન કાળના ભારત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 1757 થી 1947 સુધી, 190 વર્ષના ગાળામાં, ભારતમાં ફાર્મ ટેકનોલોજીમાં નોંધપાત્ર ફેરફાર થયો.

2. અંગ્રેજ શાસન કાળ દરમિયાન ભારતમાં હસ્તકલાનો ખૂબ જ વિકાસ થયો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં

152. બાગાયતના સંકલિત વિકાસ માટેના મિશન(The Mission For Integrated Development Of Horticulture-MIDH)માં નીચે પૈકી કઈ બાબત/ બાબતોનો સમાવેશ થાય છે?

1. નેશનલ હોર્ટિકલ્ચર મિશન

2. કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડ

3. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ

4. નેશનલ બાંબૂ મિશન

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 3

153. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY)ના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દરેક કૃષિ ખેતરમાં પાણીની પહોંચ સુનિશ્ચિત કરવી.
2. પાણીનો ઉપલબ્ધ અને કાર્યક્ષમ ઉપયોગ વધારીને કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરવો.
3. કાર્યક્રમોના આયોજન અને અમલીકરણની પ્રક્રિયામાં રાજ્યોને સુગમતા અને સ્વાયત્તતા પ્રદાન કરવી.
4. વ્યાપક રીતે જિલ્લા રાજ્ય સિંચાઈ યોજનાઓની તૈયારી દ્વારા સર્વગ્રાહી અભિગમની ખાતરી કરવી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો આ યોજનાને લાગુ પડે છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4 – બધા જ

154. નીચેનામાંથી કયો ભારતમાં જાહેરક્ષેત્રનાં સાહસોનો ઉદ્દેશ્ય નથી?

(A) મૂડી નિર્માણ
(B) આધાર-માળખા(ઈન્ફ્રાસ્ટ્રક્ચર)નો વિકાસ
(C) પ્રાદેશિક અસમાનતાઓ દૂર કરવી
(D) વસતી વિસ્ફોટનું નિયંત્રણ

155. ખાનગીકરણ એ 1991માં રજૂ કરવામાં આવેલા મોટા આર્થિક સુધારાના ભાગરૂપે રજૂ કરવામાં આવેલી મુખ્ય નીતિઓમાંની એક હતી. નીચેનામાંથી કયું ખાનગીકરણનું પરિણામ ન હોઈ શકે?

(A) કાર્યક્ષમતા અને કાર્યરીતિમાં સુધારો
(B) આધાર-માળખા(ઈન્ફ્રાસ્ટ્રક્ચર)નો વિકાસ
(C) પ્રાદેશિક અસમાનતાઓમાં ઘટાડો કરવો
(D) ઉત્પાદકતામાં સુધારો

156. ભારતમાં જીએસટી (GST) કાઉન્સિલ વિષે નીચે પૈકી કયું વિધાન સાચું નથી?

(A) ભારતના કેન્દ્રીય નાણાપ્રધાન જીએસટી (GST) કાઉન્સિલના અધ્યક્ષ છે.
(B) રાજ્યના નાણાપ્રધાનો જીએસટી (GST) કાઉન્સિલના સભ્યો છે.
(C) જીએસટી (GST) કાઉન્સિલ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન કરે છે.
(D) જીએસટી (GST) કાઉન્સિલ રાજ્યો વચ્ચે સંકલન કરતી નથી.

157. જાહેર ક્ષેત્રના સાહસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જાહેરક્ષેત્રના સાહસોએ ભારતની એકંદરે રોજગારીની સ્થિતિ સુધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.
2. ભારતના જાહેરક્ષેત્રના સાહસોની નફાકારકતા હંમેશા વધી છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું નથી.
(B) ફક્ત 2 સાચું નથી.
(C) 1 અને 2 બંને સાચાં નથી.
(D) 1 અને 2 બંને સાચાં છે.

158. મુંબઈ યોજના (Bombay Plan) સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મુંબઈ યોજના (Bombay Plan) કેટલાક અગ્રણી ઉદ્યોગપતિઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
2. મુંબઈ યોજના (Bombay Plan) ઇચ્છતી હતી કે રાજ્ય ઔદ્યોગિક અને અન્ય આર્થિક રોકાણમાં મોટી પહેલ કરે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહિ

159. હરિયાળી ક્રાંતિ(Green Revolution)ના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ખાસ કરીને ઘઉં અને ચોખા માટે વધુ ઉપજ આપતી જાતોના બીજના ઉપયોગના પરિણામે ખાદ્યાન્નના ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં થયેલ વધારો દર્શાવે છે.
2. હરિયાળી ક્રાંતિ(Green Revolution) ના માધ્યમથી ભારતે ખાદ્યાન્નમાં આત્મનિર્ભરતા હાંસલ કરી નથી.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

160. ભારતીય ચલણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચલણી સિક્કા બહાર પાડવાનો એકમાત્ર અધિકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI)નો છે.
2. ભારતમાં ચલણી નોટો બહાર પાડવાનો એકમાત્ર અધિકાર રિઝર્વ બેંક પાસે છે.

ઉપરોક્ત વિધાન/વિધાનોમાંથી કયું/કયાં વિધાન/ વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

161. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ગુજરાતમાં જમીન મહેસૂલની કઈ પદ્ધતિ અમલમાં મૂકી હતી?

(A) રૈયતવારી

(B) મહાલકારી

(C) જમીનદારી

(D) ઉપરમાંથી એક પણ નહિ

162. 1857ના વિપ્લવનાં સ્થળોને નેતાઓ સાથે યોગ્ય રીતે જોડો:

| વિપ્લવનાં સ્થળો | વિપ્લવના નેતા |
|---|---|
| a. લખનૌ | i. કુંવરસિંઘ |
| b. બરેલી | ii. ખાન બહાદુર |
| c. બિહાર | iii. બેગમ હઝરત મહલ |
| d. ફૈઝાબાદ | iv. મૌલવી અહમદ શાહ |

યોગ્ય જોડકાંનો વિકલ્પ પસંદ કરો.

(A) a- i, b- ii, c- iii, d- iv

(B) a- ii, b- i, c- iv, d- iii

(C) a- iii, b- ii, c- i, d- iv

(D) a- iv, b- iii, c- ii, d- i

163. 'છપ્પનિયો' શાનું જાણીતું નામ છે?

(A) ઈ.સ. 1990નો દુકાળ

(B) ઈ.સ 1896નો બ્યુબોનિક પ્લેગ

(C) 19મી સદીમાં પૂર

(D) ઉપરમાંથી એક પણ નહિ

164. આર્યસમાજ વિશે નીચેનાં વિધાનોને ધ્યાને લો:

1. આર્ય સમાજની સ્થાપના 1875માં મુંબઇમાં થઈ હતી.

2. આર્ય સમાજે તેની પ્રવૃત્તિમાં શિક્ષણ તરફ ધ્યાન આપ્યું ન હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

165. દાદાભાઈ નવરોજી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બ્રિટનની સંસદમાં ચુંટાનાર તેઓ પહેલા ભારતીય હતા.
2. તેઓ 1886માં કોલકાતા સત્રમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.
3. તેઓ 1906માં કોલકાતા સત્રમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 બધા જ

166. શ્યામજી કૃષ્ણ વર્મા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેમણે લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી અને એક અંગ્રેજી માસિક 'ધ ઇંડિયન સોસિયોલોજીસ્ટ' શરૂ કર્યું.
2. તેમણે લંડનમાં ઇંડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી.
3. તેઓ આર્ય સમાજ સાથે સંકળાયેલા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 બધા જ

167. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મહાત્મા ગાંધીએ 'હિંદ સ્વરાજ' મૂળ ગુજરાતીમાં લખ્યું હતું.
2. મહાત્મા ગાંધીએ 'આત્મકથા' અથવા 'સત્યના પ્રયોગો' મૂળ ગુજરાતીમાં લખી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

168. રોલેટ એક્ટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ કાયદાનો ઉદ્દેશ્ય સરકારી સત્તાવાળાઓને અસાધારણ સત્તાઓ આપીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓને ઘટાડવાનો હતો.
2. મહાત્મા ગાંધીએ 13મી એપ્રિલ 1919ના રોજ રોલેટ એક્ટ વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન આપ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

169. ગુજરાતના નીચેનામાંથી કયા રાજ્યના શાસકોએ 1947માં પાકિસ્તાન સાથે જોડાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી?

1. જુનાગઢ

2. માણાવદર

3. માંગરોળ

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3 બધા જ

170. કેબિનેટ મિશન યોજના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેણે પાકિસ્તાન માટેની માંગને ફગાવી દીધી.

2. તેણે બંધારણ સભાની યોજના ઘડી.

3. શરૂઆતમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંને દ્વારા આ યોજના સ્વીકારવામાં આવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2
(B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3 બધા જ

171. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઈ.સ 1974માં ભારતે પરમાણુ ઉપકરણ વિસ્ફોટ કર્યો હતો.

2. ઈ.સ 1975માં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

172. જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા પૂર્ણ સ્વરાજનો ઠરાવ કરવામાં આવ્યો તે લાહોર અધિવેશન કોની અધ્યક્ષતામાં યોજાયું હતું?

(A) મોતીલાલ નહેરુ

(B) જવાહરલાલ નહેરુ

(C) સરદાર પટેલ

(D) મહાત્મા ગાંધી



MaruGujarat.in

173. મહાત્મા ગાંધી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારત આવતા પૂર્વે તેમણે દક્ષિણ આફ્રિકામાં રંગદ્વેષના વિરોધમાં પ્રલંબ આંદોલન ચલાવ્યું હતું.
2. 1915માં તેઓ ભારત પરત આવ્યા તેના બીજા જ વર્ષે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

174. સરદાર પટેલ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓનો જન્મ કરમસદ ખાતે થયો હતો.
2. તેઓએ બારડોલી સત્યાગ્રહને નેતૃત્વ પૂરું પાડ્યું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

175. જૂનાગઢમાં આવેલા ગિરનારના શિલાલેખ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે સુદર્શન તળાવનો ઇતિહાસ વર્ણવે છે.
2. સુદર્શન તળાવનું નિર્માણ ચંદ્રગુપ્ત મૌર્યના શાસન દરમિયાન કરવામાં આવ્યું હતું.
3. શિલાલેખમાં અશોકની 14 આજ્ઞાઓ પણ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3 બધા જ

176. નીચેનામાંથી કયું/ક્યાં તત્વ/ તત્વો અર્ધવાહક તરીકે વપરાય છે?

1. સિલિકોન
2. ઝીંક ઓક્સાઇડ
3. સોનુ
4. ચાંદી

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4 બધા જ

177. બોઇલરમાં વપરાતા પાણી માટે કુલ ઓગળેલા ઘન પદાર્થો ખૂબ ઓછા હોવા શા માટે મહત્વપૂર્ણ છે?

(A) પાણી ઝડપથી ગરમ થાય તે સુનિશ્ચિત કરવા માટે

(B) બોઇલરની અંદર ક્ષારના પોપડા ન બાઝે તે માટે

(C) ઉષ્મા ઉત્પાદનની કાર્યક્ષમતા વધારવા માટે

(D) વિદ્યુત ખોટને ઘટાડવા માટે

178. LED (Light Emitting Diode) બલ્બ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. LED તેમની મોટાભાગની ઊર્જાને દ્રશ્ય પ્રકાશ (Visible Light) માં રૂપાંતરિત કરે છે.

2. LED ધન અને ઋણ વીજભાર વચ્ચે બંધનું નિર્માણ કરવા વીજપ્રવાહનો ઉપયોગ કરીને પ્રકાશ ઉત્સર્જિત કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

179. સાબુના પરપોટાને જ્યારે સૂર્યપ્રકાશમાં જોવામાં આવે છે ત્યારે તે શાને કારણે રંગીન દેખાય છે?

(A) પ્રકાશનું વિસર્જન

(B) પ્રકાશનું વ્યતિકરણ

(C) પ્રકાશનું વક્રીભવન

(D) પ્રકાશનું વિવર્તન

180. ભારત સ્માર્ટ સિટીસ મિશન(Smart Cities Mission) (SCM)ની દેખરેખ કયું મંત્રાલય રાખે છે?

(A) ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય

(B) આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

(C) પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય

(D) માર્ગ પરિવહન અને ધોરીમાર્ગનું મંત્રાલય

181. કોંકણ રેલવે ભારતના કયાં રાજ્યમાંથી પસાર થાય છે?

(A) મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરલ

(B) મહારાષ્ટ્ર, ગોવા, કેરલ

(C) મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક

(D) મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરલ

182. નીચેનાં રાજ્ય તથા રાષ્ટ્રીયઉદ્યાનમાં સંબંધિત ખોટું જોડકું જણાવો.

(A) કાન્હા રાષ્ટ્રીયઉદ્યાન – મધ્યપ્રદેશ

(B) માનસ વન્યજીવ અભયારણ્ય – અસમ

(C) કોર્બેટ રાષ્ટ્રીયઉદ્યાન – ઉત્તરાખંડ

(D) બાંદીપુર રાષ્ટ્રીયઉદ્યાન – આંધ્રપ્રદેશ

183. નીચે આપેલી વિગતો પર વિચાર કરો.

| | ડુંગર/શિખર | ક્ષેત્ર | ટેકરીઓ |
|---|---|---|---|
| 1. | તારંગા | સાબરકાંઠા | અરવલ્લી |
| 2. | વિલ્સન | વલસાડ | સહ્યાદ્રી |
| 3. | ધીણોધર | કચ્છ | મધ્યધાર |

નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 સાચી છે.

(B) ફક્ત 2 અને 3 સાચી છે.

(C) ફક્ત 1 અને 2 સાચી છે.

(D) બધી 1, 2 અને 3 સાચી છે.

184. નીચે આપેલ પાકો પર વિચાર કરો.

1. ઈસબગુલ

2. બટાટા

3. જીરું

ઉપરોક્તમાંથી કેટલાનું ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન બનાસકાંઠામાં થાય છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

185. નિમ્નલિખિત જમીનના પ્રકારો પર વિચાર કરો.

1. રણપ્રકારની જમીન
2. કાંપની જમીન
3. ક્ષારીય જમીન
4. કાળી જમીન

ઉપરોક્તનું ગુજરાતમાં પૂર્વથી પશ્ચિમ તરફ સાચું વિતરણ કયું છે?

(A) 3 – 1 – 4 – 2
(B) 4 – 2 – 1 – 3
(C) 2 – 1 – 4 – 3
(D) 1 – 4 - 3 – 2

186. દુનિયામાં સૌથી વધારે ટાઈમ ઝોન ધરાવતો દેશ કયો છે?

(A) ફ્રાંસ
(B) યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા
(C) રશિયા
(D) ભારત

187. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

1. વ્યક્તિ જાપાનથી અમેરિકા મુસાફરી કરતાં આંતરરાષ્ટ્રીય દિનાંક રેખા (ઇન્ટરનેશનલ ડેટ લાઇન) પસાર કરે તો તેને દિવસનો ફાયદો મળશે.
2. જીએમટી (GMT) એ એક સંદર્ભ સમય ઝોન છે. અન્ય તમામ સમય ઝોન સ્થાન પર સમયનો ઉલ્લેખ કરવા માટે જીએમટી (GMT)નો ઉપયોગ કરે છે.
3. ભારતની પ્રમાણ સમય રેખા ગ્રીનવિચની પૂર્વમાં 82.30° સ્થિત છે.
4. પૃથ્વીને એક ડિગ્રી રેખાંશને પાર કરવા માટે 4 મિનિટની જરૂર પડે છે.

(A) ફક્ત 2 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) એક પણ નહિ

188. જો ગ્રીનવિચનો સમય સવારે 6 વાગ્યાનો હોય તો ક્યા રેખાંશ પર તે સમયે સવારે 11 વાગ્યા હશે?

(A) 60° પશ્ચિમ
(B) 75° પશ્ચિમ
(C) 60° પૂર્વ
(D) 75° પૂર્વ

189. નીચેનાં વિધાનોને ધ્યાનમાં લો.

1. વિષુવવૃત્તીય પ્રદેશોમાં વર્ષને ચાર મુખ્ય ઋતુઓમાં વહેંચવામાં આવે છે.
2. ભૂમધ્ય પ્રદેશમાં ઉનાળામાં વધુ વરસાદ પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં

190. 2011ની વસતી ગણતરી મુજબ ભારતમાં સૌથી વધુ શહેરીકરણ ધરાવતું રાજ્ય કયું છે?

(A) ગુજરાત
(B) ગોવા
(C) તમિલનાડુ
(D) ઉત્તરપ્રદેશ

191. પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટબન્સ) ઉત્તર ભારતમાં પાક પર કેવી અસર કરે છે?

(A) તેને કારણે ઉભા પાકને ખૂબ નુકસાન થાય છે.
(B) તે તીડને લાવે છે, જે પાકનો નાશ કરે છે.
(C) શિયાળામાં તેને કારણે વરસાદ થાય છે જે પાક માટે ફાયદાકારક છે.
(D) શિયાળામાં છોડને અમુક અંશે ગરમ રાખવામાં મદદ કરે છે.

192. ભારતના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતની પ્રમાણ સમય રેખા દિલ્હીમાંથી પસાર થાય છે.
2. ભારતનો દરિયાકિનારો આશરે 7500 કિ.મી જેટલો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં

193. ભારતના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, નેપાળ, ભૂતાન, મ્યાનમાર તથા બાંગ્લાદેશ સાથે ભારત ભૂ-સરહદ ધરાવે છે.
2. લક્ષદ્વીપ ટાપુઓથી પશ્ચિમે માલદીવ ટાપુઓ આવેલા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં.

194. નદીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સિંધુ નદી ભારતમાંથી પસાર થતી નથી.
2. સતલજ, બિયાસ, રાવી અને ચિનાબ નદીઓ ભારતમાં સિંધુ નદીને મળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં.

195. ભારતનાં સરોવરો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચિલ્કા સરોવર રાજસ્થાનમાં આવેલ છે.

2. પુલિકટ સરોવર દક્ષિણ ભારતમાં આવેલ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં.

196. ભારતની આબોહવાને નીચેના પૈકી કયાં પરિબળો અસર કરે છે?

1. અક્ષાંશ

2. રેખાંશ

3. સમુદ્રની સપાટીથી ઊંચાઈ

4. દરિયાથી અંતર

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 ને 3
(B) ફક્ત 2, 3 ને 4
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4 – બધા જ

197. ગુજરાત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો :

1. સાબરમતી નદી અને વાત્રક નદી વચ્ચેનો વિસ્તાર 'ચરોતર' તરીકે ઓળખાય છે.

2. ઢાઢર નદી અને કીમ નદી વચ્ચેનો વિસ્તાર 'વાકળ' તરીકે ઓળખાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં.

198. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઝોજીલા ઘાટ લદાખમાં આવેલ છે.

2. નાથુલા ઘાટ સિક્કિમમાં આવેલ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહીં.



MaruGujarat.in

199. નીચેનામાંથી કયું વૃત્ત ભારતમાંથી પસાર થાય છે?

(A) કર્કવૃત્ત

(B) મકરવૃત્ત

(C) વિષુવવૃત્ત

(D) ઉપર પૈકી એક પણ નહીં.

200. ભારત વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. આંદામાન-નિકોબાર ટાપુઓ ભારતનો સૌથી પૂર્વીય ભાગ છે.

2. લક્ષદ્વીપ ટાપુઓ ભારતનો સૌથી પશ્ચિમી ભાગ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચા છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહીં.

---



MaruGujarat.in